# Official Spokesperson's response to media queries on the two Indian nationals missing in Kenya

**24 October 2022**

# કેન્યામાં બે ભારતીય નાગરિકો ખોવાયેલા હોવા પર મીડિયાનાં પ્રશ્નો પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

24 ઓક્ટોબર, 2022

**કેન્યામાં બે ભારતીય નાગરિકો ખોવાયેલા હોવા પરનાં મીડિયાનાં પ્રતિભાવમાં, અધિકૃત પ્રવક્તા શ્રી અરિંદમ બાગચીએ કહ્યું હતું કે:**

"બે ખોવાયેલા ભારતીય નાગરિકો શ્રી મોહમ્મદ ઝૈદ સામી કિદવાઇ અને શ્રી ઝુલ્ફિકાર અહમદ ખાનનાં સ્થાનનોની માહિતી મેળવવા અમે કન્યાની સરકાર સાથે નિયમિત સંપર્કમાં છીએ.

આપણી ગહન ચિંતા જણાવવા અને આ બાબતમાં તપાસ ઝડપી બનાવવાની વિનંતી કરવા આજે નૈરોબી સ્થિત આપણા હાઇ કમિશનર શ્રીમતિ નામગ્યા ખામ્પાએ રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીમાન વિલિયમ સામોએઇ રુતોને કૉલ કર્યો હતો.

આ બાબતમાં આપણી ચિંતાઓ જણાવવા માટે ઓક્ટોબર 23 નાં રોજ નવી દિલ્હી સ્થિત કેન્યાનાં હાઇ કમિશનરને પણ મંત્રાલયમાં બોલાવવામાં આવ્યા હતા.

કેન્યા સ્થિત આપણું હાઇ કમિશન બે ભારતીયોનાં પરિવારનાં સભ્યો સાથે સંપર્કમાં છે અને તેઓને સહાયતા કરી રહ્યું છે.

આ કેસ કેન્યાની પોલિસનાં ઈન્ટરનલ અફેર્સ યુનિટ (IAU) દ્વારા સક્રિય તપાસ હેઠળ છે. અમે નોંધ લીધી છે કે કેન્યાની પોલિસનાં તાજેતરમાં સમાપ્ત કરવામાં આવેલા વિશેષ સેવા એકમનાં અધિકારીઓ સહિત આ કનેક્શનમાં કેટલાક લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે તેની અમે નોંધ લીધી છે.

અપહરણ અને ત્યારબાદની માહિતીનાં અભાવ આસપાસનાં ચોક્કસ સંજોગો ખુબ જ વિક્ષેપ પહોંચાડનારા છે. અમે અપેક્ષા રાખીએ છીએ કે આ કેસની ઠોસ રીતે તપાસ કરવામાં આવશે.

આ કિસ્સા સંબંધિ તમામ વિકાસો પર મંત્રાલય દેખરેખ રાખવાનું ચાલું રાખે છે."

**નવી દિલ્હી**
**24 ઓક્ટોબર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.